વિદ્યા, વિનય, વિચાર, વાણી અને વર્તનનો સમન્વય એટલે...

# પંચશીલ

ક્રિએટીવ સંકુલ દ્વારા સંચાલિત પંચશીલ સ્કૂલનું માસિક

વર્ષ : ૧૧ | અંક : ૧૧૧ | પેઈજ : ૧૨

સંપાદક : ડૉ. ડી.કે. વાડોદરીયા | ડિસેમ્બર : ૨૦૨૨ | સંયોજક : યોગીરાજસિંહ જાડેજા




**St. Margaret's C of E Primary School(U.K) Visit Panchshil School Rajkot**




શિવનગર મેઈન રોડ, પી.ડી.એમ. કોલેજ કેમ્પસ, ગોંડલ રોડ, રાજકોટ.
ફોન : (0281) 2382626, મો. : 88 66 11 00 11, 88 66 22 00 22, 88 66 33 00 33
Web : www.panchshilschool.org, Email : admin@panchshilschool.org, panchshilschool2011@gmail.com

# પરિશ્રમ એ જ પારસમણિ

એક શ્રીમંત ખેડૂત હતો. તેને વારસામાં ઘણી બધી સંપતિ મળી હતી. વધુ ધન સંપતિએ તેને આળસુ બનાવી દીધો હતો. તે આખો દિવસ ખાલી બેસી રહેતો હતો અને હુકકો પીતો રહેતો. તેની બેદરકારીનો નોકર-ચાકર પણ ગેરલાભ ઉઠાવતા હતા. તેના સગા સંબંધીઓ પણ તેનો માલ ચટ કરવામાં લાગ્યા રહેતા હતા.



એક વાર ખેડૂતનો એક જૂનો મિત્ર તેને મળવા આવ્યો. તેને ખેડૂતના ઘરની હાલત જોઇને ખૂબ દુઃખ થયું. તેણે ખેડૂતને સમજાવવાનો પ્રયત્ન કર્યો પણ તેના પર કોઇ અસર ન પડી. એક દિવસ તેણે કહ્યુ કે તે એક એવા મહાત્મા પાસે તેને લઇ જશે જે અમીર બનવાનો તરીકો બતાવે છે. ખેડૂતની અંદર પણ ઉત્સુકતા જાગી. તે મહાત્માને મળવા તૈયાર થઇ ગયો.

મહાત્માએ જણાવ્યુ, 'રોજ સૂર્યોદય પહેલા એક હંસ આવે છે જે કોઇ તેને જુએ એ પહેલા જ ગાયબ થઇ જાય છે. જે આ હંસને જોઇ લે છે તેનુ ધન નિરંતર વધતું જાય છે.'

બીજા દિવસે ખેડૂત સૂર્યોદય પહેલા ઉઠયો અને હંસને શોધવા માટે ખેતરમાં ગયો. ત્યાં તેણે જોયું કે તેનો એક સંબંધી કોથળામાં અનાજ ભરીને લઇ જઇ રહયો હતો. ખેડૂતે તેને પકડી લીધો. તે સંબંધી ખૂબ જ લજવાઇ ગયો અને માફી માંગવા માંડયો. પછી તે ગૌશાળામાં પહોંચ્યો. તે તેનો એક નોકર દૂધ ચોરી રહયો હતો. ખેડૂતે તેને ફટકાર્યો. તેણે ત્યાં જોયુ કે ખૂબ જ ગંદકી હતી. તેણે નોકરોને ઉઠાડયા અને તેમને કામ કરવાનો આદેશ કર્યો. બીજા દિવસે પણ કંઇક આવુ જ બન્યુ. આ રીતે ખેડૂત રોજ હંસને જોવા માટે જલ્દી ઉઠતો. આ કારણે બધા નોકર સાવધ થઇ ગયા અને ભયને કારણે કામ કરવા લાગ્યા. જે સંબંધીઓ ચોરી કરતા હતા તે સુધરી ગયા.


જલ્દી ઉઠવા અને ફરવાથી ખેડૂતનું સ્વાસ્થ્ય પણ સારું થઇ ગયું. આ રીતે ધન તો તેનું વધવા લાગ્યુ પણ તેને કયાય હંસ ન દેખાયો. આ વાતની ફરિયાદ કરવા તે મહાત્મા પાસે પહોંચ્યો.

મહાત્માએ કહ્યું, 'તને હંસના દર્શન થઇ ગયા, પણ તું તેને ઓળખી ન શકયો. તે હંસ છે 'પરિશ્રમ'.

એટલે જ તો કહેવાય છે કે પરિશ્રમ એ જ પારસમણિ.

કગથરા દિયા એસ., ધો. ૭

નીચે આપેલ ચિત્રમાં છુપાયેલી ૧૨ વસ્તુઓ શોધો.



## ઉખાણા



(૧) મારે માથે કેશવાળી છે,
ચહેરા પર મૂછ-દાઢી છે,
જંગલનો હું રાજા કહેવાઉ,
પશુ-પંખીને મારી ખાઉ.

(૨) ઝાડ-છાપરે કૂદાકૂદ,
કર્યા કરું હું હૂપાહૂપ,
દાંતિયા કાઢી કરું ચૂપ,
માણસ જેવું મારું રૂપ.

(૩) કૂણું કૂણું ઘાસ ચરું,
લાંબા કાન ઊંચા કરું,
દૂરથી જુઓ તો ઢગલો રૂ
બધા કહે હું બહુ ડરું.

(૪) દેખાવ એનો નમણો છે પણ,
લાંબી ભરતું ફાળ,
આંખો એની ચમકીલીને,
ઝડપી એની ચાલ.

જવાબ : સિંહ, વાંદરો, સસલું, હરણ

પોલરા વિવાન સી., ધો. ૪

WELCOME




પંચશીલ સ્કૂલના વિદ્યાર્થીઓ દ્વારા સેન્ટ માર્ગરિટ સ્કૂલના ડેલીગેશનનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું.

WELCOME



સેન્ટ માર્ગરેટ સ્કૂલના ડેલીગેશ વિઝીટ દરમિયાન બંને શાળાના વિદ્યાર્થીઓએ આર્ટ એન્ડ ક્રાફ્ટ, મહેંદી જેવી પ્રવૃતિઓ સાથે કરી હતી.

## થર્મોસમાં પ્રવાહી ગરમ કે ઠંડુ જ શા કારણે રહે છે ?



દોસ્તો, થર્મોસમાં એવી કોઈ જ વસ્તુ નથી હોતી જે ચાને ગરમ રાખે. તો પછી અહીં આપણને સવાલ થશે કે ગરમ વસ્તુ થર્મોસમાં ગરમ કેવી રીતે રહેતી હોય છે ? અને ઠંડી વસ્તુ ઠંડી કેમ રહે છે ?

આપણું થર્મોસ બે બાટલીઓનું બનેલું હોય છે. મોટી બાટલીની અંદર નાની બાટલી હોય છે. બંને બાટલીઓ ફક્ત શૂન્યાવકાશ જ હોય છે. પંપ દ્વારા બે બાટલીઓ વચ્ચેથી હવા કાઢી લીધેલી હોય છે, જેને આપણે શૂન્યાવકાશ કહીએ છીએ. આમ બે બાટલીઓ વચ્ચે ખરેખર કશું જ નથી હોતું.

હવે તમે અંદરની બાટલીમાં ગરમ ચા રેડશો તો તેની ગરમીને પસાર થવા કોઈ માધ્યમની જરૂર પડશે અને ત્યારે જ તે બહારની મોટી બાટલી સુધી જઈ શકશે. પરંતુ ગરમી ઠંડીનું વહન કરી શકે તેવું માધ્યમ વચ્ચે નથી અને હકીકત એ છે કે હવા વિનાની શૂન્યાવકાશવાળી જગ્યામાં ગરમી પસાર થઈ શકતી નથી. આ કારણે ગરમ વસ્તુ કલાકો સુધી ગરમ જ રહે છે અને આ કારણે જ તેમાં ભરવામાં આવેલો ઠંડુ પ્રવાહી પણ ઠંડુ જ રહેશે, કારણ કે બહારની ગરમી અંદર પહોંચી શકતી નથી.

ઝાલા વૈદેહીબા બી., ધો. ૫

## સાપ પોતાની ફેણ વારંવાર બહાર કેમ કાઢે છે ?



સાપને કાન હોતા નથી, પણ આંખો હોય છે. તેની જીભ સ્પર્શેન્દ્રિય અને શ્રવણેન્દ્રિય બંનેનું કામ કરે છે. સાપની જીભ ટોચ ઉપરથી બે ફાંટાવાળી એટલે કે ફાટવાળી હોય છે. સાપનું મોં બંધ હોય તો પણ તેની જીભ એટલે કે ફેણ લબકારા મારી શકે છે. સાપ તેની મદદથી આસપાસની વસ્તુઓની જાણકારી મેળવે છે. જમીન ઉપરનાં રજકણોમાંની ગંધ પરથી તે ખોરાક પારખી શકે છે, તેમજ તેના દુશ્મનને પણ ઓળખી શકે છે. ચીપિયા આકારની તેની લાલ ફેણ ભયજનક દેખાય છે, પણ તેમાં ઝેર નથી. ઝેરી સાપનું ઝેર તેના ઉપરના પોલા દાંતમાં રહેલું હોય છે. બધા સાપ ઝેરી હોતા નથી. આખા ભારતમાં 216 જાતના સાપ જોવા મળે છે, તેમાંથી ફક્ત બાવન જાત ઝેરી હોય છે.

ખુંટ રિધમ યુ., ધો. ૪

## મોસમ વિશે આ પણ જાણો



હવામાનનો અભ્યાસ અને આગાહીઓ ચોમાસા માટે વધુ ઉપયોગી છે. હવામાન માટે મોસમ શબ્દ પણ વપરાય છે. અંગ્રેજીમાં મોન્સૂન શબ્દ અરબી ભાષાના મોસમ ઉપરથી જ બન્યો છે. ૧૬મી સદીમાં એક આરબ વિજ્ઞાનીએ હિન્દ મહાસાગરમાં કેટલાક ટાપુઓ પર ચોમાસું ક્યારે બેસે તેનું વિગત વાર પુસ્તક લખેલું તેમાં મોસમ શબ્દનો ઉપયોગ થયેલો. પવનની દિશા જાણવા માટે ઘર ઉપર લગાડતાં વેધરવેન પર કૂકડો જોવા મળે છે. આ કૂકડો કેમ મૂકાય છે. તે ખબર છે. ઈસુ ખ્રિસ્તીના વફાદાર શિષ્યે તેમને દગો કર્યો ત્યારે કૂકડાએ ત્રણ વાર બાંગ પોકારીને ચેતવણી આપેલી તેવી દંતકથા છે. આમ કૂકડો ચેતવણીનું પ્રતિક બન્યો અને પવનની દિશા બતાવતી ફરકડી ઉપર તેને સ્થાન મળ્યું.

વરસાદનું માપ ઈંચમાં લેવાય છે. વરસાદ માપવાનું સાધન ૨૦૦૦ વર્ષ પહેલા શોધાયેલું તે ૧૮ ઈંચના વ્યાસવાળા બાઉલ જેવું હતું. આજે વેધશાળામાં વરસાદ માપવા માટે ૨૦ ઈંચ ઉંચાઈના, ૮ ઈંચ વ્યાસના નળાકાર આકારનું સાધન વપરાય છે. આધુનિક વેધશાળાઓમાં તો આ નળાકાર સાથે ઇલેક્ટ્રોનિક સાધન ફિટ કરી ડિજીટલ પધ્ધતિથી વરસાદનું મી.મી. કક્ષાએ ચોકકસ માપ કઢાય છે.

દક્ષિણ અમેરિકાના પેરૂના દરિયામાં ક્યારેક ડિસેમ્બરના અંતમાં ગરમ પ્રવાહો નીકળે છે. આ ગરમ પ્રવાહો સમગ્ર વિશ્વના ચોમાસાના વરસાદને અસર કરે છે. આ પ્રવાહને અલનીનો કહે છે. ''અલનીનો'' નો અર્થ ખ્રિસ્તીનું બાળક એવો થાય છે.

કલોલા શ્રેય જે., ધો. ૭

WELCOME




સેન્ટ માર્ગરેટ સ્કૂલના વિદ્યાર્થીઓ અને પંચશીલ સ્કૂલના વિદ્યાર્થીઓ વન મિનીટ ગેમ શો અને કલાસ રૂમમાં અલગ અલગ પ્રવૃતિઓ કરી હતી.

## અવકાશ જેટલું અજાયબ પૃથ્વીનું પેટાળ

આધુનિક વિજ્ઞાને માણસને અંતરિક્ષની સફરમાં મોકલ્યો. અવકાશયાનો લાખો કિલોમીટરની ઉંચાઇએ જઇ શકે છે. પરંતુ આપણા પગ નીચેની ધરતીની નીચે શું છે તે તપાસવા વિજ્ઞાનીઓ બહુ ઉંડે જઇ શકતાં નથી. પૃથ્વીનું પેટાળ પણ વિવિધતાથી ભરેલું છે. પૃથ્વીની સપાટી પરથી તેના કેન્દ્ર સુધીનું અંતર ૬૩૯૫ કિલોમીટર જેટલું છે.

આપણા પગ નીચેની ધરતીની ૪૦ કિલોમીટર સુધીની ઉંડાઇ સુધીના પોપડામાં ધૂળ, ઢેફાં, પથ્થરો, ખડકો અને પાણી હોય છે. તેની નીચે ૨૯૦૦ કિલોમીટરનું મેન્ટલ અને તેની નીચે ૨૨૦૦ કિલોમીટર ધગધગતો લાવા. પૃથ્વીના કેન્દ્રમાં નકકર પણ ધગધગતો સખત ગોળો છે. ૧૩૦૦ કિલોમીટર જાડાઇનો છે. જેમાં કેટલાંક જીવો અને વનસ્પતિ જીવી શકે છે. આજ સુધી પૃથ્વીના પેટાળમાં ૧૫ કિલોમીટરથી ઉંડાઇ સુધી ડ્રીલ મારીને સંશોધનો માટે જાતજાતની અભ્યાસ કરવાની પદ્ધતિઓ છે. પૃથ્વીના પેટાળમાં મેગ્નેશિયમ, લોખંડ અને સિલિકોન જેવા ખનિજોનો મોટો ભાગ મેન્ટલમાં રહેલો છે. વિજ્ઞાનીઓ સિસ્મિક વેવ મદદથી પૃથ્વીના આંતરિક સ્તરનો અભ્યાસ કરે છે.

પૃથ્વીના પેટાળમાં ખડકોની ઉથલપાથલ થયા કરે છે. ભૂકંપના આ મોજાં જુદા જુદા સ્તરમાં જુદી જુદી ઝડપે વહે છે. કેન્દ્ર તરફ જતાં મોજાંની ઝડપ વધતી જાય છે. આ મોજાંની શોધ ૧૯૦૯માં એન્ડ્રીજા મોહોરોવિકે કરેલી એટલે આ મોજાને મોહો નામ આપવામાં આવેલું. જમીનમાં ૨૯૦૦ કિલોમીટરની ઉંડાઇએ ધગધગતા લાવારસમાં આ મોજાં ઝડપથી વહેતાં હોય છે અને ત્યાં ૭૦૦ સેલ્સીયસ ડિગ્રી જેટલું પ્રચંડ તાપમાન હોય છે.

શીગાળા મીષ્વા એ., ધો. ૫



## દરિયાના તળિયે રહેલી સબમરીનમાં સપાટી ઉપરના દ્રશ્યો કઇ રીતે દેખાય છે?

સબમરીન એ દરિયાના તળિયે પ્રવાસ કરતું જંગી જહાજ જેવું વાહન છે મોટે ભાગે યુદ્ધમાં તેનો ઉપયોગ થતો આવ્યો છે. પરંતુ વિજ્ઞાનીઓ અને ડૂબકીમારો દરિયાના તળિયે સંશોધનો અને અવલોકનો માટે પણ સબમરીનનો ઉપયોગ કરે છે. આ સબમરીનમાં દરીયાની સપાટી ઉપરના દ્રશ્યો જોઇ શકાય છે. પેરીસ્કોપ નામનું સાધન હોય છે જેમાં માત્ર અરીસાના ઉપયોગ વડે બહારના દ્રશ્યો જોઇ શકાય છે. પેરીસ્કોપ લાંબુ ભૂંગળા જેવું સાધન હોય છે જેમાં બંને છેડે સમાંતર રહે તે રીતે ત્રાંસા અરીસા ગોઠવેલા હોય છે લાંબા પેરીસ્કોપનો અરીસામાં સપાટીનાં દ્રશ્યનું પ્રતિબિંબ પડે છે જેમાં પ્રતિબિંબ પેરીસ્કોપના સબમરીનમાં રહેલા નીચલા છેડાના અરીસામાં જોઇ શકાય છે. પેરીસ્કોપ ચારે દિશામાં ફરી શકે છે એટલે સબમરીનમાં બેઠા બેઠા સપાટી ઉપરની ચારે દિશામાં નજર રાખી શકાય છે.

કાચા જાન્સી ટી., ધો. ૪

## ફળો પાકે ત્યારે તેના રંગ કેમ બદલાય છે ?



તમે કાચી કેરી અને કાચા લીંબુ જોયા હશે લીલા રંગના હોય છે. બધા ફળો મોટે ભાગે કાચા હોય ત્યારે લીલા રંગના હોય છે. પરંતુ સૂર્ય પ્રકાશમાં વૃક્ષ ઉપર રહીને પાકે ત્યારે તેનો રંગ બદલાય છે. લીંબુ આકર્ષક પીળાં, કેરી કેસરી અને જાંબુડા તો ઘેરા જાંબલી રંગના થઇ જાય. દરેક ફળો પાકે એટલે આકર્ષક પણ બને છે. કાચાં ફળોની છાલમાં કલોરોફિલ હોય છે એટલે લીલા હોય છે. કાચાં ફળો પાનની જેમ સૂર્ય પ્રકાશમાંથી ખોરાક મેળવે છે. અને પાકે છે ત્યારે કલોરોફિલ ઓછું થઇને કલોરોપ્લાસ્ટનો રંગ લાલ, કેસરી, પીળો કે જાંબુડીયો હોય છે. દરેક ફળના રંગ જુદા જુદા હોય છે. પરંતુ આકર્ષક હોય છે કે જેથી અન્ય પ્રાણી પક્ષીઓ તે ખાવા આકર્ષાય અને તેના બીજ જમીન પર ફેંકે. આમ ફળો વનસ્પતિનો વંશવેલો આગળ વધારવાના ઉપયોગમાં પણ આવે છે.

સાકરીયા જશ એમ., ધો. ૫

## સૂર્ય પ્રકાશ નું વજન કેટલું ?



સૂર્યના કિરણો પૃથ્વી પર સતત પડતા હોય છે. વિજ્ઞાનીઓ કહે છે કે સૂર્ય પ્રકાશ ફોટોન નામના કણોનો બનેલો છે. આપણા પર સૂર્ય પ્રકાશ પડે ત્યારે ગરમી અનુભવી શકીએ છીએ અને પ્રકાશ જોઇ શકીએ છીએ. આ સૂર્ય પ્રકાશને વજન પણ હોવું જ જોઇએ. વિજ્ઞાનીઓ કહે છે કે સૂર્ય પ્રકાશ ફોટોન નામના કણોનો બનેલો છે. ફોટોન ઇલેક્ટ્રોન અને ન્યુટ્રોન કરતાંય નાના કણો છે. આખી પૃથ્વી પર પડતાં સૂર્ય પ્રકાશનું વજન અંદાજે ૮૭૦૦૦ કિલો થાય પરંતુ આવડી મોટી પૃથ્વીના હિસાબમાં આ વજન હાથી ઉપર મચ્છર બેઠા બરાબર ગણાય. સૂર્ય પ્રકાશને વજન છે પરંતુ તેનો અનુભવ થઇ શકતો નથી.

કિયાડા કૌશલ એ., ધો. ૫



પંચશીલ સ્કૂલના વિદ્યાર્થીઓ સાથે કલાસ રૂમમાં અલગ અલગ પ્રવૃતિઓમાં મસગુલ સેન્ટ માગરિટ સ્કૂલનું ડેલીગેશન.



# Thank You Teacher!



કોઈપણ રાષ્ટ્રનો આર્થિક, સામાજિક અને સાંસ્કૃતિક વિકાસ તે દેશનાં શિક્ષણ ઉપર આધારિત છે. શિક્ષણ પ્રથા પર આધારિત છે. શિક્ષણનાં અનેક માધ્યમો છે. જે બતાવે છે કે રાષ્ટ્રનાં વિકાસમાં શિક્ષણનું મહત્વ શું છે. શિક્ષણ વગર કોઈપણ રાષ્ટ્રનો વિકાસ અટકી જાય છે. વાસ્તવિક રૂપમાં શિક્ષાનો હેતુ છે જ્ઞાન આપવું અને આ જ્ઞાનની જેમને આકાંક્ષા હોય તેને શિક્ષાર્થી કહેવાય અને જે જ્ઞાન આપે તેને શિક્ષક કહેવાય. આ ત્રણેય પરસ્પર એકબીજાનાં પૂરક છે. એકબીજા પર આધારિત છે. એકનાં વગર બીજાનું અસ્તિત્વ ન હોય શકે. બીજા બધા વ્યવસાયકારોને તો નિર્જીવ વસ્તુ સાથે કામ કરવાનું હોય છે. જયારે શિક્ષકની સામે તો સજીવ એટલે કે સમાજનું ભવિષ્ય એટલે કે બાળક જ હોય છે. તેમને ઘડવાનું, તેમનામાં સંસ્કારો પુરવાનું કામ શિક્ષકનું હોય છે એટલે જ તો કહેવાયું છે કે,

“શિક્ષક કભી સાધારણ નહીં હોતા,
પ્રલય ઓર નિર્માણ ઉસકી ગોદમેં ખેલતે હૈ”

પ્રાચીન સમયમાં ભારતમાં જ્ઞાન આપવા વાળા ગુરૂ હતા, હવે તે કાર્ય શિક્ષક કરે છે. પરંતુ શિક્ષક અને ગુરૂમાં પણ ભિન્નતા છે. શિક્ષણ અતીતમાંથી મેળવેલી સૂચના કે જાણકારી ને આગળ વધારે છે. એટલે કે વિદ્યાર્થીઓને તે ભણાવે છે જયારે ગુરૂ જ્ઞાન આપે છે. આત્મ સ્ફૂરણા દ્વારા પોતાનાં શિષ્યોમાં જીવન જીવવાની ગતિ આપે છે.

આજનાં યુગ વર્તન - પરિવર્તન માંગે છે. જે શિક્ષણ વગર શકય નથી. સાચા શિક્ષણ દ્વારા જ પરિવર્તન શકય છે. જગતે બે વિશ્વયુદ્ધ જોયા, ત્રીજુ વિશ્વયુદ્ધ બારણે ટકોરા મારી રહયું છે, ચોથુ વિશ્વયુદ્ધ આપણી કલ્પના હશે. પણ ત્રીજુ વિશ્વયુદ્ધ આપણી કલ્પના બહારનું હશે. ચોથા વિશ્વયુદ્ધમાં માત્ર ને માત્ર તીરકામઠા અને પથરા ફેંકનું યુદ્ધ થશે અણું કે પરમાણું સ્વપ્ન બની ગયું હશે. આ સ્થિતિમાં વિશ્વને બચાવશે આવી માનસિકતાનો બદલાવ શિક્ષણ દ્વારા જ આવશે. શિક્ષણ જ દેશની દિશા અને દશા બદલાવી શકે. માટે જ આજનાં ‘શિક્ષક દિન’ નાં પર્વ નિમિતે સર્વે શિક્ષક મિત્રોને સત સત પ્રણામ.

‘કબિરા પ્યાલા શિક્ષણકા, અંતર દિયા લગાય,
રોમ રોમ મે રમિ રહા, ઔર અમલ કયા ખાય.’

જાડેજા અદિતીબા બી., ધો. ૭

## અનંત શકિત એટલે શું ?

આપણી પાસે અનંત શકિતઓ છે, પણ તે આવરાયેલી (ઢંકાયેલી) પડી છે. બધી જ જાતની શકિતઓ અંદરથી નીકળે તેવી છે. જેટલી શકિત કાઢતા આવડે એટલી તમારી.

## શકિત વધે કેવી રીતે ?






શકિત ખૂટે, મન અને શરીર નિર્બળ થાય ત્યારે હું અનંત શકિતવાળો છું. એવું જોર જોરથી બોલે એટલે તે વખતે પાછી શરીરમાં શકિત આવી જાય.

રાઠોડ જાનવી વી., ધો. ૮



## શબ્દનાં પુષ્પો

વેરમાં હંમેશા વાંધો હોય છે,
જયારે સ્નેહમાં હંમેશા સાંધો હોય છે.

જીવન કાં તો સ્વીકારી શકાય છે અથવા બદલી શકાય છે,
જો સ્વીકારી ન શકાય તો બદલવું જરૂરી છે
અને બદલી ન શકાય તો સ્વીકારવું જરૂરી છે.

જરાક કાણું શું પડયું ખિસ્સામાં...
સિકકાની સાથે થોડા સંબંધો પણ નીકળી ગયા.

ધારેલું ના મળે, મળેલું ના ગમે અને
ગમતું ના ટકે એનું નામ જીવન....

ચાર વેદનો અર્થ ન જાણો તો કંઈ નહીં, પરંતુ સમજદારી, જવાબદારી,વફાદારી અને ઈમાનદારી આ ચાર શબ્દનો મર્મ જાણો તો પણ જીવન સાર્થક થઈ જાય.

# Welcome











# Farewell



# Farewell

